# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

વંચાણે લીધાઃ (૧) કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્યના ઠરાવ નં. ગકવ-૧૨૨૦૧૨-૩૨૪૦-ક.ર, તા. ૧૯-૧૧-૨૦૧૨
(૨) અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. આકૃયુ/સંનિ/ટી.૧/૨૪૨૪/૧૩, તા.૨૫/૦૬/૨૦૧૩
(૩) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/સંશોધન/અયન.૨/૧૬૪૮, તા. ૩૧-૦૫-૨૦૧૩

## - પરિપત્ર –

આમુખ-૧ના ઠરાવથી સરકારશ્રી દ્વારા સૂચવ્યા અનુસાર નોન રીકરીંગ સદરે બજેટમાં રજૂ કરવાના થતા, સાધનોને યુનિવર્સિટી કક્ષાએ ખરીદ કમીટીની રચના કરી, તેની મંજૂરી મેળવી બજેટમાં રજૂ કરવા જણાવેલ છે જેથી, યુનિવર્સિટીના સર્વે આયોજીત (પ્લાન) યોજનાઓના અમલીકરણ અધિકારીશ્રીઓને જણાવવાનું કે આગામી વર્ષ ૨૦૧૪-૧૫નું પ્લાન બજેટ ટૂંક સમયમાં તૈયાર કરી સરકારશ્રીને રજૂ કરવામાં આવનાર છે. જેમાં નોન રીકરીંગ સદરે સાધનોની ખરીદી બેવડાય નહીં તેમજ સાધનોની ખરીદ કિંમત અને સ્પેશીફીકેશનની પૂરી ચકાસણી કરીને પૂરતા જસ્ટીફીકેશન સાથે બજેટમાંરજૂ કરવાના રહેશે

આમુખ-૨થી યુનિવર્સિટી કક્ષાએ સાધનોની ખરીદી/મંજૂરી માટેની કમિટીની રચના કરવામાં આવેલ છે. જેમાં દરેક આયોજીત યોજનાઓના બજેટમાં નોન રીકરીંગ સદરે રજૂ કરવાના થતા સાધનોની કિંમત, જથ્થો, સ્પેસીફીકેશન તેમજ જરૂરીયાતની ચકાસણી કરાવવાની રહે છે. આથી પ્રસ્તુત કમીટી દ્વારા મંજૂર કરવામાં આવેલ સાધનોની દરખાસ્ત જ સરકારશ્રીને બજેટમાં રજૂ કરવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૪-૧૫ના પ્લાન બજેટની તૈયારી રૂપે શિક્ષણ / વિસ્તરણ શિક્ષણ / સંશોધનની લાગુ પડતી પ્લાન યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓને આયોજીત યોજનાઓનું બજેટ રજૂ કરતી વખતે કમીટીની મંજૂરી મેળવીને સાધનોની દરખાસ્ત બજેટમાં રજૂ કરવાની રહેશે આ બાબત ધ્યાને લઇ, ઉપરોકત સૂચીત કામગીરી સમય મર્યાદામાં (એક માસમાં) પૂર્ણ કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે આમુખ-૩થી વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂર થયેલ સાધનોની યાદી સર્વે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૧૨-૧૩માં કરવામાં આવેલ સાધનોની ખરીદી માટેનો રેટ કોન્ટ્રાકટ ૩૧ ઓગષ્ટ, ૨૦૧૩ સુધી ચાલુ રાખવામાં આવેલ છે આથી વર્ષ ૨૦૧૩-૧૪ માટે આયોજીત યોજનામાં મંજૂર થયેલ સાધનોની ખરીદી માટે ખરીદ કમીટીની મંજૂરી મેળવવાની કાર્યવાહી એક માસમાં પૂર્ણ કરવાની રહેશેઅને જયારે યોજના ચાલુ રાખવાના હૂકમો થયા બાદ ખર્ચ કરવાનો રહેશે

સહિ/-
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં. આકૃયુ/સંનિ/બજેટ/સાધન ખરીદી/પી.૧/૨૪૪૧/૧૩
તા. ૨૫-૦૬-૨૦૧૩

**નકલ સવિનય રવાનાઃ**

(૧) યુનિવર્સિટી અધિકારીશ્રીઓ / કોલેજના આચાર્યશ્રીઓ / સર્વે યુનિટ-સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી સારૂ.
(૨) નિયામકશ્રી, (આઇ.ટી.), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ ઉપરોકત પરિપત્ર યુનિવર્સિટીની વેબ-સાઇટ પર મુકવા સારૂ.
(૩) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ